

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કરી લે ધાર્યું ખૂબીથી એવા ભેજાબાજ હોય છે,*
*મૂર્ખ બનાવે ટ્રંપને એવા ચાલબાજ હોય છે.*
*ઢાલબાજ હોય છે એ પડકારે ભલભલાને -*
*તાલી દી કરે કરાર એવા તાલીબાન હોય છે...*
*(ગૂંલાટબાજ અવિશ્વાસુ પ્રજા ?!)*

**હાઈકુ**

*કરાર કરી,*
*ટ્રંપ જેવાને પણ -*
*લીધા બાનમાં...*

*તાલી દઈને*
*ઉડાવી છે મજાક !*
*સમજુતિની...*
*(ફૂંક મારીને પીનારા પણ દાઝ્યા)*

### ચિંતન

**પક્ષપાતધિરોપસ્ય કારણાનિ ચપંચવૈ ।**
**રાગ લોભ ભય દ્વૈષા, વાદિનો રચ રહઃ શ્રુતિઃ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં અન્યાય, પક્ષપાત થવાનાં કારણ કયાં છે તે આ સુભાષિતમાં બતાવવામાં આવ્યું છે.

- રાગ : કોઈ પ્રત્યે અનુરાગ,સ્નેહ, મમતા કે લાગણી હોય તો પક્ષપાત કારવાની ઈચ્છા થાય છે.
- લોભ : ન્યાય કરનારને લાભ થવાનો કે કોઈ ફાયદો થવાનો લોભ જાગે.
- ભય : ન્યાય કરનારને ધમકી, ભય કે ઉપરથી કોઈ દબાણ આવ્યું હોઈ શકે.
- દ્વેષ : ન્યાય માટે આવનાર પક્ષ તરફ કોઈ જૂનો દ્વેષ હોય.
- એકાંત : વાદી કે પ્રતિવાદીની વાત એકાંતમાં સાંભળી હોય તો જેની વાત પ્રથમ સાંભળી હોય તેના પ્રત્યે પક્ષપાત થઈ જાય.

આમ ઉપર જણાવેલ પાંચ કારણસર ભલભલા ન્યાયાસન પર બેસનારા પણ કવચિત અન્યાય કરી બેસે છે.

માટે ન્યાયધીશ વિરાગી, નિર્લોભી, નિર્ભય, તાટસ્થભાવ રાખી શકનાર અને જાહેરમાં જ પક્ષોનો વિવાદ સાંભળી નિખાલસતાથી વિશાળ હૃદયથી જરા પણ પક્ષપાત વિના ન્યાય આપનાર હોવો જોઈએ.

ન્યાય સત્યની સદા તરફેણ કરે તેવો હોય.

### સુવિચાર

- વિજ્ઞાન જે છે તેનું દર્શન કરાવે છે,
  તો બીજી બાજું શું હોવું જોઈએ તેનું દર્શન ધર્મ કરાવે છે - **આઈન્સ્ટાઈન**
- જો નિર્ધનતા બધા જ અપરાધની માતા છે તો બુદ્ધિહિનતા (મૂર્ખતા) પિતા છે - **લા બ્રુયર**
- ઘમંડ સંપત્તિનો જેવી રીતે નાશ કરે છે જેવી રીતે સુંદર રુપને વૃદ્ધાવસ્થા - **વિદુરનીતિ**
- સુખનો સુરજ ત્યારે જ ઊગશે જયારે આપણે દુ:ખોની રાતોથી લડતા રહીશું - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાના ગોલને એચિવ કરવા માટે પૈસાને ખિસ્સામાં,
  ગોલને મનમાં અને મહેનતને હાથમાં રાખવી પડે છે - **ક્રિશ્નકાન્ત ઉનડકટ**
- જેવી રીતે ફૂલની પહેલાં ફળ નથી આવતું, તેવી જ રીતે લક્ષ્યની પહેલાં સફળતા નથી આવતી, મહેનતની પહેલાં કિસ્મત નથી આવતી અને હારની પહેલાં જીત નથી આવતી - **જીવન પાથેય**
- આજનું ઔષધ : અડદની દાળ સાથે દૂધ, દહીં, આંબલી, ગોળ અને કેરી ન ખવાય, આ એક વિરુદ્ધ આહાર છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તુલસીદાસજીએ રામચરિત માનસમાં એક ચોપાઈ લખી.

સિયરામ મય સબ જગ જાની, કરહ પ્રણામ જોરી જુગ પાની ॥

અર્થાત્ સમગ્ર સંસારમાં શ્રીરામનો નિવાસ છે, સૌમાં ભગવાન છે અને આપણે તેમને હાથ જોડી પ્રમાણ કરી લેવા જોઈએ. ચોપાઈ લખીને તુલસીદાસ ગંગા સ્નાન માટે જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં એક બાળકે કહ્યું, 'મહારાજ, આ રસ્તે ન જશો. આગળ એક આખલો ગાંડો થયો છે અને તમે લાલ વસ્ત્રો પહેર્યા છે.' તુલસીદાસે વિચાર્યું : આ આજકાલનો છોકરો મને શું શીખવી રહ્યો હતો. મને ખબર છે કે બધામાં રામ છે. હું તોઆખલાને હાથ જોડી શાંતિથી ગંગા સ્નાન માટે પહોંચી જઈશ. જરા આગળ જતા પેલો સાંઢ આવ્યો અને તુલસીદાસને પાડીને ગયો. આ ઘટનાથી તુલસીદાને ખૂબ ક્રોધ આવ્યો અને તુલસીદાસ ગંગા કિનારે બેસીને ચોપાઈ ફાડવી લાગ્યા. ત્યાં જ હનુમાનજી પ્રગટ થયા અને બોલ્યા, 'આ શું કરો છો ?' તુલસીદાસે કહ્યું, 'આ ચોપાઈ બિલકુલ ખોટી છે, જો બધામાં રામનો વાસ હોત તો પેલો સાંઢ મને મારત નહીં.' હનુમાનજીએ કહ્યું, 'મહારાજ, તમે લખેલી ચોપાઈ સો ટકા સાચી જ છે, તમે પેલાં સાંઢમાં તો શ્રીરામ જોયા, પરંતુ પેલા ચેતવણી આપતા બાળકમાં રામને જોયા નહીં, જે તમને બચાવવા આવ્યો હતો. ભગવાન ખુદ તમને બાળ સ્વરુપે બચાવવા આવ્યા હતા, પરંતુ તમે એમને અવગણ્યા, ઓળખ્યા જ નહીં.'

આપણે પણ નાની નાની વાતો પર ધ્યાન આપતા નથી. અને મોટી મુસીબતમાં પડી જતા હોઈએ છીએ. આવનારી મુસીબતના સંકેતને ઓળખી લઈએ તો સાવધાનીપૂર્વક મોટી મુસીબતોથી જરૂર બચી શકીએ.

# હોળીની ઝોળ કોઈ દઝાડે પણ ખરી

**તંત્રીસ્થાનેથી...**

બરાબર હોળીના દિવસો દરમિયાન અયોધ્યામાં રામલલાને નવા નિવાસ માટેની ભૂમિની ભૂમિકા તૈયાર થઈ રહી છે. બાબરી મસ્જિદ તરીકે ઓળખાતું સ્ટ્રકચર ધરાશાયી કરવામાં ગૌરવ અનુભવતી શિવસેનાના વર્તમાન કર્ણધાર અને મહારાષ્ટ્રની મિલીજુલી અઘાડી સરકારના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે માટે એમની હિંદુત્વ નિષ્ઠા પ્રસ્થાપિત કરવાની સોનેરી તક રામલલાનાં દર્શન અને મંદિર માટે મહારાષ્ટ્ર સરકાર તરફથી એક કરોડ જેવા માતબર દાન સ્વરુપે આવી. ઠાકરો પરિવાર માટે રાજકારણનું કેન્દ્રબિંદુ હિંદુત્વ રહ્યું છે. હિંદુત્વના સૌથી કટ્ટર અને બોલકા સમર્થક બાળાસાહેબ ઠાકરે તત્કાલીન કોંગ્રેસી સરકારો સામે સાચા અર્થમાં છપ્પનની છાતીપૂર્વક ઝીંક ચલાવતા રહ્યા અને બંધારણ કે કાનૂન એમનો વાળ વાંકો ન કરી શક્યાં. તેઓ ગાંધીજીને રાષ્ટ્રપિતા કહેવા તૈયાર ન હતા. મુસ્લિમો સાથે માત્ર એક જ શરતે વાત કરતા કે તેઓ બહુતમીનો આદર કરે, ગૌવધનો અધિકાર ન માગે, ભારત માતાને અન્ય કોઈ પણ ભારતવાસીની જેમ પ્રણામ કરે, વંદે માતરમ્ કે ભારત માતા કી જય કહેતાં અચકાય નહીં એમનો આ અભિગમ તાર્કિક રીતે ઉચિત પણ હતો, કારણ કે ધર્મના નામે કટ્ટર મુસ્લિમોએ તો જુદો દેશ મેળવી જ લીધો હતો. પ્રજાનો મોટો ભાગ બાળાસાહેબ ઠાકરેને સાચા હિંદુ હૃદય સમ્રાટ માનતો હતો. ભારતીય જનતા પાર્ટીનો મહારાષ્ટ્રમાં પ્રવેશ બાળાસાહેબ ઠાકરેના સમર્થનને આભારી હતો. નહીંતર આ પ્રદેશે તો દેશને યશવંતરાવ ચવ્હાણથી લઈ વસંતરાવ પાટીલ અને શરદ પવાર જેવા મોટા ગજાના નેતાઓ આપ્યા હતા, જે પૈકી પવારનું વજૂદ આજે પણ પ્રાદેશિક સ્તરે અકબંધ રહ્યું છે. બાળાસાહેબ ઠાકરેએ કયારેય ચૂંટણી લડવાનું પસંદ ન કર્યું. એમને હંમેશાં કિંગમેકરની ભૂમિકા જ ભજવી. ભાજપને એના કુદરતી સાથી તરીકે સાથ આપ્યો જેના પરિણામે અટલ બિહારી વાજપેયી દેશના પ્રથમ હિંદુત્વ પુરસ્કર્તા વડાપ્રધાન બની શક્યા. ભાજપે કાલાન્તરે કાઠું કાઢ્યું અને 'મોટાભાઈ' જેવા હિંદુત્વવાદી પક્ષને 'નાનાભાઈ'માં ફેરવી દીધો. બાળાસાહેબ ઠાકરેના અવસાનને લીધે અને શિવસેનામાં પિતરાઈ ભાઈઓ વચ્ચે પડેલી રાજકીય વારસાઈની તકરારને કારણે એ અગાઉ જેવી તાકાત નહીં ધરાવતી હોવાની છાપ ઊભી થઈ. સત્તામાં ભાગીદારી મુદ્દે ભાજપે કોઠું ન જ આપ્યું. આવું અપમાન બાળાસાહેબ કયારેય નહીં જીરવી શક્યા હોત, પરંતુ ઉદ્ધવ ઠાકરેએ શરદ પવારની સલાહ માનીને બાજી પોતાની તરફેણમાં કરી ભાજપને જબરદસ્ત પાઠ ભણાવી દીધો. સત્તા ખાતર શ્રાવક થવા જેવી નિંદા ન સહન કરવી પડે એટલા સારું વિકાસ અઘાડી સરકારના આ વડાએ હિંદુત્વનો મુદ્દો પકડી રાખવા કયારેક સંસદમાં નવા નાગરિકતા કાનૂનવાળા ખરડાને સમર્થન કર્યું તો કયારેક કોંગ્રેસ અને શરદ પવારના દબાણને વશ થઈ એ મુદ્દે મૌન સેવ્યું. અયોધ્યા પહોંચી જઈ સરકાર તરફથી રામમંદિરના નિર્માણ માટે એક કરોડ જેવી માતબર રકમનું દાન કરી ઉદ્ધવ ઠાકરેએ પોતે ભાજપો સાથ છોડ્યો છે - રામલલાનો નહીં, એ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. હિંદુત્વની પોતાની વિચારધારામાંથી તેઓ ચલિત નથી થયા એનું પ્રમાણ રજૂ કરવા જ તેઓ યોગી આદિત્યનાથને પણ મળ્યા. અયોધ્યા ખાતે એમને અધિકૃત રીતે ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું. સરયૂની આરતી અને જાહેર સભાના કાર્યક્રમો કોરોના વાઈરસના નિમિત્તે બંધ રાખવા પડ્યા છતાં ઉદ્ધવ ઠાકરે મહદંશે એકલવીર તરીકે 'મંદિર વહીં બનાયેંગે' વાળી નીતિને વળગી રહ્યા છે - એ એમની સરકારના ભાગીદારોએ પણ નજરોનજર જોયું. આ બધું બરાબર હોળીની નજીકના દિવસોમાં બન્યું છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકારને હચમચાવી નાખવામાં સફળ થયેલ ભારતીય જનતા પાર્ટીએ ઉદ્ધવ ઠાકરેને તો નાગરિકતા કાનૂનના અમલીકરણ મુદ્દે સરકારમાં ભાગીદારી કરનારાં બિનસાંપ્રદાયિક પરિબળો આઘાંપાછાં થાય તો 'અમે બેઠા જ છીએ' એવો સધિયારો સમયસર બલકે આગોતરો આપી જ દીધો છે. હોળીની જવાળા કોને દઝાડે અને કોને હૂંફાળી ઉષ્મા આપે છે એ તો આગામી સમયમાં જ જમાઈ આવશે.

# સ્ત્રીઓને વારસાગત મિલ્કત અંગે વિસંગતતા : વારસાગત મિલ્કતના કાયદામાં એકરૂપતા નથી, ધાર્મિક સમુદાય પોતાના પર્સન લૉ મુજબ વર્તે છે



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ભાતમાં વારસાઈનો ઢાંચો ધર્મના આધારે નક્કિ કરવામાં આવેલ છે. જે દરેક ધર્મના રીત રીવાજ મુજબ અલગ અલગ છે. હિન્દુ પરિવા અને બીજા ધર્મોના લોકોના વારસા માટે પોતપોતાના કાયદા છે. બાકિના સમુદાયો વારસાઈ હક્ક ઈન્ડીયન સકસેશન એકટ ૧૯૨૫ ના આધારે નક્કિ કરવામાં આવ્યો છે.

ભારતમાં મહિલાઓની જાગૃતિ અને સાક્ષતાનું પ્રમાણ અન્ય દેશો કરતા નીચું છે. સ્ત્રીઓ પોતાના અધિકારો માટે કુટુંબ, સમાજ કે ભાઈ, પીતાથી લડી, ઝઘડી પોતાનો હક્ક કાયદાકિય રીતે મેળવવામાં સમાજના રીત રીવાજ અને બંધનો તેમજ મર્યાદાના કારણે પાછી પડે છે. તેમજ આ અંગેની તેમને જાણકારીનો પણ અભાવ રહ્યો છે. ત્રીજો કારણે પુરૂષ પ્રધાન સમાજમાં મહિલાઓને ભયના માહોલમાં તથા અન્ય પુરૂષ ઉપર નિર્ભય રહેતી હોય તે પોતાના વારસા માટે લડવા માંગતી નથી.

દેશના ઉત્તર અને પશ્ચિમના રાજયોમાં હક્ક ત્યાગ એટલે કે પોતાના અધીકારનો સ્વચ્છીક ત્યાગરના રીવાજના કારણે પણ મહિલાઓ પિતૃ સંપત્તિ ઉપરનો પોતાનો હક્ક, હિસ્સો છોડી દે છે. કેટલાક એવું માને છે કે દિકરીના લગ્ન કરાવી તેને દહેજ આપવામાં આવતું હોય પિતાની સંપત્તિમાં હક્ક જતો કરે છે પરંતુ દિકરાને પણ એક પિતા પણાવે જ છે અને તેની પાછળ પણ મોટો ખર્ચ કરે છે.

હિન્દુ સકસેશન એકટ ૧૯૫૬ બનવા સુધી વારસાઈ ધારો મહિલાઓના વિરોધમાં હતો. ૧૯૫૬ પહેલા હિન્દુ નિબધ અમલમાં હતો જે ધર્મ આધારીત નીતિ નિયમોનું રૂઢીગત રીતે પાલન સર્વીસ્વીકૃત રીતે કરવામાં આવતું હતું. ૨૦૦૫ પછી હિન્દુ ઉત્તરાધિકારના કાયદામાં ફેરફાર થતા આખરે કાયદો બેલેન્સ કરવામાં આવ્યો સ્ત્રીને પુરૂષ સમોવડી ગણવાના કારણે સ્ત્રીની જાગૃત્તતાના કારણે તેના તરફના કાયદાના જ્ઞાનના કારણે પોતાના હક્કથી સમજતી થઈ પરંતુ આ કાયદાની વીપરીત અસરથી ભ્રૂણ હત્યામાં વધારો થતો ગયો કેટલાક માને છે કે દિકરીને મળનાર પિતૃ સંપત્તિ તેના સાસરીયાના હાથમાં જતી રહેશે અને દિકરીનો એમ જ ખાલી હાથ રહી જશે. દિકરાને સંપત્તિ આપવાનો લોભ એટલે રહ્યો કે વૃધ્ધાવસ્થામાં સંપત્તિની મોહમાં દિકરાઓ માબાપની સારસંભાળ રાખશે પરંતુ આવા નિરાશાજનક ઘટના ક્રમમાં જાતિના આધારે ભેદભાવ ન કરનાર કાયદાની તાત્કાલીક અરસથી અમલવારીની જરૂરીયાત સાંપ્રત સમાજમાં જરૂરી જ નહિ અનિવાર્ય બની ગઈ છે. વૃધ્ધા શ્રમો ઉભરાય છે પરંતુ રૂઢીગત પરમપરામાં માનનાર મા બાપ દિકરીના ઘરે રહેવા જવાનું પસંદ કરતા નથી કેટલાક તો દિકરીના ઘરનું પાણી શુધ્ધા પીતા નથી. એક દિકરીના મા બાપની હાલત આવા સામાજીક રીત રીવાજ, કુરીવાજ, પરંપરા, રૂઢીને માનવાના કારણે હાલત કફોડી બની ગઈ છે.

ધર્મના અંતર્ગત માતા, પત્ની, દિકરી કે બહેનના રૂપમાં મહિલાઓને વારસામાં શું અધિકાર છે જે મુજબ ઉત્તરાધિકાર કાયદો ૧૯૫૬ હિન્દુ ઉપરાંત બુધ્ધ, જૈન અને શીખ સમુદાયને લાગુ પડે છે. આ કાયદો ફકત ત્યારે જ લાગુ પડે છે જયારે કોઈ વસીયત બનાવવામાં આવી ના હોય, જે વ્યક્તિ ધર્મ છોડી હિન્દુ ધર્મ અપાવે તેનો પણ આ કાયદો લાગુ પડે છે.વીલ હોય અને વડિલોપાર્જીત મીલ્કત ના હોય તો આ કાયદો લાગુ પડતો નથી.

વારસાગત સંપત્તિ એટલે એવી સંપત્તિ કે જે વહેચાયા વિના પુરૂષ વંશ ક્રમમાં ચાર પેઢીથી ચાલી આવતી હોય તે સંપત્તિમાં તે કુટુંબમાં જન્મનાર પુરૂષ કે સ્ત્રીને પોતાનો હિસ્સો જન્મથી જ મળી જાય છે. સેલ્ફ એકવાયર્ડ પ્રોપર્ટીના મામલામાં હિન્દુ પોતાને અધિકાર છે કે તે પોતાની મરજીથી કોઈને પણ મીલ્કત આપવાની વસીયત કરી શકે છે. તેમાં તે મહિલાઓ સાથે ભેદભાવ કરે તો તેને દંડ કરવામાં આવશે નહિ.

જો પુરૂષ વસીયત બનાવ્યા સીવાય અવસાન પામે તો તેની સંપત્તિના ચાર ભાગમાં વહેચાય. કલાસ-૧ અને ૨ માં લોહીનો સંબંધી અથવા દત્તક લીધેલ વ્યક્તિ કલાસ-૧ ના વારસદારના હોય ત્યારે કલાસ-૨ એટલે કે સીધી લીટીના વારસદારોના હોય તોઆડી લીટીના વારસદારો લોહીના સંબધી વચ્ચે સંપત્તિમાં સમાન હક્ક મળે છે.

પતિનું મોત થાય તો અન્ય જીવીત વારસદારને સમાન હિસ્સો મળે વારસદારના હોય તો બધી જ સંપત્તિ પત્નીને વારસાઈમાં મળે. વિવાહીત હિન્દુ મહિલાને પતિની

અનુસંધાન પાના નં ૭ પર

# જિંદગી... લડી લ્યો તો જંગ છું હું, પૂરી લ્યો તો રંગ છું હું...



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

"અજબ મિલાવત કરી
ચિતારે રંગ પ્યાલીઓ ભરી !.
જરાક ખંખેરી પીંછી ત્યાં
ફૂલને લાગી છાંટ;
ફૂંક મારતાં ફેલાયા શા
સાગર સાત અફાટ !
જલરંગે જલપરી !"
- જયન્ત પાઠક

ઈશ્વરની રચેલી આ સુંદર મજાની સૃષ્ટિ અવનવા રંગોથી સુંદર સુશોભિત છે અને માનવીનું મન અને તેનું જીવન બંને નાનપણથી જ આ રંગોમાં પોતાના મનના ભાવોને આ રંગોના જુદા-જુદા રંગોની જેમ વ્યક્ત કરે છે. રંગો પ્રત્યે મનુષ્યને હંમેશ એક ઊંડો લગાવ રહેલો છે. ઉગતા સૂર્યનો રંગ હોય કે આથમતા સૂર્યની કેસરી આભા આ રંગો વ્યક્તિને સતત આકર્ષતા રહ્યા છે. મનોજ ખંડેરિયા લખે છે :

"અસ્તના રંગે ડૂબેલી યાદ પણ શું ચીજ છે,
દોસ્ત, ઢળતી સાંજનો આસ્વાદ પણ શું ચીજ છે...
એ બની રહી આજ પર્યંત મારી સર્જકતાનું બળ,
કોઈએ મૂંગી દીધેલી દાદ પણ શું ચીજ છે..."

આપણે મનુષ્યને ઈશ્વરે વાચા આપી. અભિવ્યક્તિ માટેની સમજણ આપી અને પોતાના સારા-નરસા હાવભાવને પ્રગટ કરી શકવાની સૂઝ પણ આપી છતાં જે રીતે અબોલ પશુ-પક્ષી પોતાને વ્યક્ત કરે છે એ આપણે નથી કરી શકતા ! કુદરતના આ અવનવા રંગ એ કુદરતની પોતાની ભાષા હોય તેવું લાગે છે! પણ મનુષ્ય હંમેશા કુદરતના આ રંગોની ભાષાને સમજી શકતો નથી. અને માટે જ કુદરત સાથેનું વ્યક્તિનું અનુકૂલન બરાબર રીતે સાધી શકાતું નથી. નિરંજન શાહ 'નીર' લખે છે :



"રંગ થોડા સાંજના લઈ આવતું,
ભાત કોઈ ત્યાં નવી ઉપસાવ તું.
શબ્દ ગુંજે કાનમાં તરે આ બધાં,
મૌન તારું આજ તો સમજાવ તું."

હોળી, ધૂળેટીનું આ પર્વ એ રંગનું પર્વ છે અને રંગ એ કુદરતની ભાષા છે ત્યારે આ રંગનો સંવાદ આપણે સૌથી વધુ યુવાવસ્થા દરમિયાન કે પ્રેમમાં રસતરબોળ હોઈએ ત્યારે સૌથી વધુ સારી રીતે સમજાય છે; અનુભવાય છે. કવિુ શ્રી તુષાર શુક્લ લખે છે :

"રંગ ને પીંછી તણા સંવાદમાં
પણ બેઉ સજની;
સુર ગુંથ્યાં શબ્દના
અનુવાદમાં પણ બેઉ સજની.
છે મને ન યાદ કોઈ પ્રેમમાં
ફરિયાદ સજના;
જિંદગીના બેઉ રંગો ને
ઉમંગોને પ્રસાદ, સજના.
સંગાથમાં, તે આપણે... હું
અને તું"

સ્ત્રીનું જીવન આ રંગોની આસપાસ એક અલગ તાંતણે ગૂંથાયેલું છે. નાનપણમાં એ એની ઢીંગલીને રંગબેરંગી કપડાથી સજાવે અને યુવાનીમાં એ અવનવા રંગોથી પોતાને સુંદર સજાવે. લગ્ન બાદ સેંથામાં પૂરાતો સિંદૂર હોય કે કપાળે કુમકુમનો તિલક સ્ત્રીને મન એ સૌભાગ્યનો રંગ હોય છે! હોળીના આ રંગોથી જેમ એક નારીનું જીવન પણ અવનવા રંગોથી સુશોભિત હોય છે. સ્ત્રીની જિંદગીમાં આ રંગો તેના શ્રુંગારમાં વૃદ્ધિ કરતા હોય છે અને તેને મન તેનું મહત્ત્વ કંઈક ખાસ હોય છે.

"એક દિવસ મેં જિંદગીને સવાલ કર્યા કે,
'તું કોણ છે ?'
જિંદગીએ સરસ જવાબ આપ્યો કે,
લડી લ્યો તો જંગ છું હું,
પૂરી લ્યો તો રંગ છું હું...
કયારેક ઘણી તંગ છું તો,
કયારેક તારી સંગ છું હું..."

તો આવો, રંગના આ તહેવારમાં સ્ત્રીના મનના તમામ રંગોને ઓળખીએ, બિરદાવીએ અને તેને વધુ ને વધુ ખીલવીએ ! જો એવું નહિ કરીએ તો આવનારા વર્ષોમાં સ્ત્રીઓ સપાટ અને સંવેદનહીન અને આ સૃષ્ટિને black & White માંના સફેદ અને કાળા રંગો જેવી બની રહેશે.

- nehalgadhavi101@gmail.com

# ભારતનાં ઓવારણાં લઈને પાછા ફરેલા ટ્રમ્પ તાલિબાની વ્હેલમાં બેઠા



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

ભારત આખું જાણે કે ઈડરિયો ગઢ જીત્યાના આનંદોત્સવમાં હતું. મોટેરા સ્ટેડિયમ પર ભારે ઝાકમઝોળ અને હગિંગનાં દ્રશ્યો હજુ તો સાવ જ તાજાં હતાં. "હિંદી-અમેરિકી ભાઈ ભાઈ"ના નારા ગૂંજતા હતા. ભારતમાં "માય ફ્રેન્ડ મોડી"ની ૨૪-૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ની બે દિવસની મુલાકાતે સપરિવાર આવેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગ્રામાં તાજમહાલના દિદાર કરીને સ્વદેશ પાછા ફર્યા.એ પોતાના દેશમાં "તાજમહાલ કેસીનો" ચલાવે છે. એમણે "માય કલોઝ ફ્રેન્ડ ઈમરાન ખાન"ના પાકિસ્તાનને અને ત્રાસવાદી સંગઠન તાલિબાનને અનુકૂળ એવા અફઘાન શાંતિ કરાર પર ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સહીસિક્કા કરાવીને જાણે કે ભારતને ડીંગો બતાવ્યો. ભારતની નીતિ પાકિસ્તાનતરફી તાલિબાન વિરોધી રહી છે.કાબુલમાં અત્યારે સત્તાવાર રીતે રાજ કરતી ગની સરકારને બદલે વોશિંગ્ટન જયારે માત્ર પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને યુએઈ થકી માન્ય રખાયેલી અફઘાનિસ્તાનની કથિત તાલિબાન સરકાર સાથે મંત્રણા કરીને શાંતિ કરાર કરે ત્યારે શાંતિ સ્થપાઈ જ જશે એવું માનવું વધુ પડતું છે. અફઘાનિસ્તાનમાં આજે કોનો કયા વિસ્તાર પર કબજો છે અને કોનું ચલણ છે એ વિવાદનો મુદ્દો છે,પણ એટલું નિશ્ચિત છે કે કાબુલમાં તાલિબાન સરકારનું શાસન ગયા પછી સ્થપાયેલી હમીદ કરઝાઈની સરકાર અને વર્તમાન ગની સરકારને ભારતનો ટેકો છે. ભારતે આ સરકારો સાથે સંબંધ જાળવીને અત્યાર લગી ૬૫૦થી ૭૫૦ મિલિયન ડોલરની સહાય કરીને અફઘાનિસ્તાનને સૌથી વધુ સહાય કરનાર દેશ તરીકેની નામના મેળવી છે. મૌલાના મસૂદ અઝહર જેવા ત્રાસવાદીઓને છોડાવવા જે તાલિબાન સરકારને ઈશારે ભારતના વિમાનનું અપહરણ કરીને ૧૯૯માં કંદહાર લઈ જવાયું હતું એ જ તાલિબાન સાથે ટ્રમ્પ કરાર કરે છે. મૌલાના મસૂદ અઝહરે છૂટ્યા પછી ત્રાસવાદી સંગઠન "જૈશ-એ-મોહમ્મદ"ની સ્થાપના કરીને ભારતીય સંસદ સહિતનાં ભારતનાં પવિત્ર સ્થળો પર આતંકી હુમલા કરાવ્યા હતા. અમેરિકાની નીતિ હંમેશાં ઓસામા-બિન-લાદેનો અને તાનાશાહો પેદા કરવાની અને એમને પોષવાની રહી છે. એના ઈશારે નાચવાનો ઈનકાર કરે ત્યારે એણે જ પેદા કરેલા શેતાનોને ખતમ કરવાનું કામ પણ એ જ કરે છે.





**ટ્રમ્પ ફરી ચૂંટાવાની વેતરણમાં**

દુનિયાની ફોજદારીમાં અમેરિકા પોતાનાં હિત જ જોવાનું પસંદ કરે છે. કતારની રાજધાની દોહામાં તાલિબાનની અફઘાનિસ્તાનમાં કથિત સરકારને માન્ય નહીં કરતું હોવા છતાં ૨૦૦૧થી ગૃહયુદ્ધમાં ખાબકેલા વોશિંગ્ટનનો હાથ પાછો ખેંચી લઈને શાંતિ સ્થાપવા માટે એ જ આતંકી મનાતા તાલિબાન સાથે તેણે કરાર કર્યા.શીતયુદ્ધના સમયમાં મોસ્કો સામેના જંગમાં પાકિસ્તાનમાં પોતાનાં લશ્કરી થાણાં સ્થાપીને ઈસ્લામાબાદને ત્રણ "એ"થી એટલે કે આર્મી,અમેરિકા અને અલ્લાહથી નર્તન કરાવતા અમેરિકાને હવે વિઘટિત સોવિયેત રશિયાના સંજોગોમાં ભારત વધુ કસદાર જણાય છે. ચીન માટે હવે પાકિસ્તાન ભલે ૩૪મો પ્રાંત ગણાતો હોય, અમેરિકા માટે તો હજુ પાકિસ્તાનનો ખપ છે એ દોહાના તાલિબાની શાંતિ કરારથી સ્પષ્ટ થાય છે. ટ્રમ્પભાઈની તાજી મુલાકાતથી હરખપદુડા થયેલાઓ અમેરિકી બેવડી નીતિની લુચ્ચાઈ જેટલા સવેળા સમજી જાય એટલું સારું છે. આગામી ૩ નવેમ્બરની ચૂંટણીમાં ફરી રાષ્ટ્રપતિ ચૂંટાવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાંચ દાયકા પૂર્વે એમના જ પક્ષ રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સને વિયેતનામમાંથી હાથ પાછો ખેંચી લેવાનો જે ખેલ ખેલ્યો હતો એ જ ભૂમિકા ૨૦૨૦માં બિઝનેસમેન-પ્રેસિડેન્ટ ટ્રમ્પ અપનાવી રહ્યા છે.વર્ષ ૨૦૦૧માં અમેરિકાએ અફઘાનિસ્તાન પર આક્રમણ કર્યું અને પોતાની સેના તેમ જ મિત્ર રાષ્ટ્રોની સેના ત્યાં ખડકી ત્યારથી એના ૨,૪૪૧, યુકેના ૪૪૫ અને મિત્રદેશ સેનાના ૧,૧૪૪ સૈનિકો માર્યા ગયાથી અમેરિકામાં અજંપો છે. આની સામે અફઘાન ધરતી પર લાખ-દોઢ લાખ જેટલાં અમેરિકી અને મિત્ર દળોની ઉપસ્થિતિમાં તાલિબાની હિંસા અને સામસામા હિંસક ખેલમાં એકાદ લાખ કરતાં વધુ અફઘાન નાગરિકોનાં મોત થયાં છે. અગાઉ પાંચેક દાયકા પૂર્વે રશિયન દળોએ ૨૦ લાખ અફઘાની નાગરિકોને મોતને ઘાટ ઉતાર્યા હતા.ટ્રમ્પ પહેલીવાર ચૂંટણી જીતવા માટે અફઘાનિસ્તાનમાં બે દાયકાથી ખડકાયેલાં અમેરિકી દળોને પાછાં ખેંચીને શાંતિ સ્થાપવાનાં વચન આપી ચૂક્યા હતા,પણ બીજી ચૂંટણી લગી એ અમલ કરાવી શક્યા નહીં એટલે હવે ઉતાવળમાં છે. ભારતીયોના મત મેળવવા હ્યુસ્ટનમાં સપ્ટેમ્બર ૨૦૧૯માં "હાઉડી મોદી"માં પહોંચેલા ટ્રમ્પ માટે ભારતીય વડાપ્રધાન મોદી "અગલી બાર ટ્રમ્પ સરકાર" બોલે કે મોટેરા સ્ટેડિયમ પર માનવમહેરામણ સામે એકમેકનાં વખાણ કરતાં બંને નેતા ગળે મળે એ પાછળના ઈરાદાઓ હવે તો સમજી શકાય છે. મોદીને ખભે ચઢીને ટ્રમ્પભાઈ અમેરિકી ભારતીયોને રાજી કરવાની સાથે જ ભારતથી હજારો કરોડ રૂપિયાનો ધંધો લઈને સ્વદેશ પાછા ફર્યા હતા.છોગામાં મુંબઈ, પૂણે, દિલ્હી અને કોલકાતામાં ભવ્ય ટ્રમ્પ ટાવર ઊભા કરવાનો ધંધો એમના બે પુત્રો કરી ચૂક્યા બાદ ધંધાનો ભારતમાં પણ વ્યાપ વધારશે.

- **અફઘાનિસ્તાન મુદ્દે ખુલ્લેઆમ પાકિસ્તાનને અનુકૂળ કરાર કરી અમેરિકાએ જાત બતાવી**
- **હ્યુસ્ટનમાં 'હાઉડી મોદી' અને મોટેરામાં 'હાઉડી ટ્રમ્પ' નવેમ્બરની ચૂંટણી જીતવાના જ ખેલ**
- **વિયેતનામમાંથી હટી જવાના રિપબ્લિકન નિકસનના ઈરાદાઓનું જ રિરન આ વખતે ય**
- **લાલો લાભ વગર ના લોટે એ ન્યાયે અમેરિકી રાષ્ટ્રપતિ અબજોનો ધંધો કરી સ્વદેશ ભેગા**

**તાલિબાન-પાકિસ્તાન મૈત્રી**

અમેરિકી સૈનિકોને અફઘાન ધરતી પરથી તબક્કાવાર પાછા ખેંચી લેવા કૃતસંકલ્પ જોવા મળતા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ આખું અફઘાનિસ્તાન તાલિબાનને હવાલે કરીને બળતું ઘર કૃષ્ણાર્પણ કરતા હોય એવું વધુ લાગે છે. અલ-જજીરાના તાજા નકશામાં અફઘાનિસ્તાનમાં તાલિબાન માત્ર દક્ષિણ અફઘાનિસ્તાન જ નહીં, છેક ઉત્તર અફઘાનિસ્તાનના મોટાભાગના વિસ્તારો પર કબજો ધરાવે છે. આવા ઈસ્લામી કટ્ટરવાદી સંગઠનને પોષવામાં આગળ વધી રહેલું અમેરિકા ભારત આવીને ઈસ્લામિક આતંકવાદ સામે લડવાની ઘોષણાઓ કરે ત્યારે એ કેટલી બોદી છે એ પરખાઈ જાય છે.દુનિયાભરના દેશોને લડાવી મારીને અમેરિકા પોતાના ધંધાનો વિકાસ કરવા અને પોતાના કહ્યાગરા શાસકોને નર્તન કરાવવામાં જ સવિશેષ રસ લે છે. અમેરિકી રાષ્ટ્રપતિની સોડમાંથી દિલ્હી પાકિસ્તાન વિરોધી ઘોષણાઓ કરે અને અમેરિકી રાષ્ટ્રપતિ ઈસ્લામાબાદ અને તાલિબાનને પોષે એ વિરોધાભાસ વૈશ્વિક સંબંધોમાં અમેરિકી કૂટનીતિને સ્પષ્ટ કરે છે. રખે કોઈ માને કે અમેરિકાની તાલિબાન સાથેની કથિત શાંતિ સ્થાપવાની કોશિશ ભારતના હિતમાં છે. અમેરિકાને તાલિબાન સાથેની વાટાઘાટોમાં પાકિસ્તાનની સતત જરૂર પડી હતી. કરાર પહેલાં પણ પાકિસ્તાનના વડાપ્રધાન અને વિદેશમંત્રી દોહા ગયા હતા .હવે અફઘાનિસ્તાનની કાબુલ સરકારમાં તાલિબાન સામેલ થાય તો ત્યાંની મહિલાઓ અને શિક્ષણ વ્યવસ્થા પર કેવી અવળી અસરો પડશે એ વિશેની ચર્ચા ત્યાંના જાગૃત લોકો જીવના જોખમે પણ કરવા માંડ્યા છે. આનાથી વધુ ગંભીર સમસ્યા તો ભારતના જમ્મૂ-કાશ્મીર પ્રદેશ માટે સર્જાવાની છે. કોંગ્રેસ કે ભાજપના શાસન દરમિયાન ભારતની તાલિબાન વિરોધી નીતિ સમાન ધોરણે રહી છે. પાકિસ્તાન તો તાલિબાનને પોષતું રહ્યું છે. આવતા દિવસોમાં અમેરિકી ઈશારે કાબુલમાં તાલિબાન સરકાર ફરી સ્થપાય તો વર્તમાન કેન્દ્ર સરકારની નીતિ શું રહેશે એ બાબત હજુ અસ્પષ્ટ છે. આતંકની નિકાસ અને પ્રોકસી યુદ્ધ માટે નામચીન પાકિસ્તાનના પ્રદેશમાંથી તાલિબાનનો ડોળો જમ્મૂ-કાશ્મીર ભણી મંડાવાનો એ વાત નક્કી.

શાંતિકરાર પછીના

અનુસંધાન પાના નં ૭ પર